આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

જેને પ્રાપ્ત કરવા માટે પર્યાપ્ત પરિશ્રમ કર્યા હોય એની પ્રાપ્તિ પછી જે આનંદ થાય એનું નામ છે પ્રસાદ
- વજુ કોટક

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨ | ૧૩ માર્ચ, ૨૦૧૪, ગુરૂવાર; ફાગણ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## NEWS બિટ્સ

***મતદાનનો સમય એક કલાક લંબાવવા તૈયારી***

લોકસભા ચૂંટણી માટેના મતદાનમાં હાલ જે ૯ કલાકનો મતદાનનો સમય મળે છે તે વધારી ૧૦ કલાકનો કરવા તૈયારી છે. છેલ્લે ચાર રાજયોની વિધાનસભાની ચુંટણીઓ યોજાઈ ત્યારે ભારે ધસારાને પગલે મોડે સુધી મતદાન મથકો ચાલુ રાખવાની ફરજ પડી હતી. બપોર બાદ જ વધુ મતદાન થયું હોવાથી હવે મતદાનનો સમય સાંજે ૬ વાગ્યા સુધી કરાવવાની ધારણા છે.

***દાગી ઉમેદવાર જીતશે તો પણ તુર્ત જ ગેરલાયક ઠરશે***

સાંસદો અને ધારાસભ્યો સામે ફોજદારી કેસોના નિકાલ લાવવા નીચલી અદાલત માટે એક વર્ષની મહેલત સુપ્રિમ કોર્ટે નક્કી કર્યા બાદ આના કારણે અનેક રાજકારણીઓના રાજકીય ભાવિ ઉપર માઠી અસર થશે. જો ચુંટાઈ આવશે તો પણ મે ૨૦૧૫ સુધી આ અપરાધીઓને તેમને લોકસભા બેઠકો ગુમાવવાની ફરજ પડી શકે છે ૫૪૩ વર્તમાન સંસદ સભ્યો પૈકી ૧૬૨ સંસદ સભ્યો અથવા તો ૩૦ ટકા સંસદ સભ્યોની સામે ફોજદારી કેસો થયા છે.

***રાખી સાંવતે મોદી માટે ચાર માસના શુટીંગ રદ કર્યા***

લોકસભાની ચુંટણીના ગરમાવા સાથે લોકપ્રિય ચહેરાઓ રાજકારણમાં આવવા માટે થનગની



રહ્યા છે. તેમાંય રાખી સાંવત જેવી ચર્ચાસ્પદ બોલીવુડની હસ્તી ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદી પર ફીદા થઈ છે. વાસ્તવમાં આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલ સામે લોકસભાની ચૂંટણી લડવાની રાખી સાવંતની ઈચ્છા છે તેણે કહ્યું છે કે ભાજપ તરફથી તક આપવામાં આવે તો તે કોઈ પણ બેઠક પરથી કેજરીવાલ સામે જંગમાં ઉતરવા તૈયાર છે.

***શાગીયા 'આપ'ની નેતાગીરીથી નારાજ***

નવા પ્રકારની રાજનીતિથી થોડાક સમયમાં જ દેશભરમાં



જાણીતી બનનાર આમ આદમી પાર્ટીમાં પણ લોકસભાની ચુંટણી નજીક આવતા ફુટફાટ પડવા માંડી છે. લોકસભાની ટીકીટ માટે આપના ઉચ્ચ નેતાઓ નારાજ હોવાની વાતો વહેતી થઈ છે. આપના નેતા શાગીયા ઈલ્મી દિલ્હીથી ચુંટણી લડવાની ઈચ્છા ધરાવતા હતા પરંતુ તેમનું નામ રાયબરેલીથી સોનિયા ગાંધી સામે વહેતું થયું છે. શાઝીયાએ પોતાની નારાજગી વ્યકત કરતા જણાવ્યું છે કે તેઓ રાયબરેલીથી ચુંટણી લડવાની ઈચ્છા ધરાવતા નથી.

# આજથી ધો. ૧૦ અને ૧૨ની પરીક્ષાનો પ્રારંભ

## જિલ્લામાંથી ૪૪૧૮૧ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે : ધો. ૧૦માં ગુજરાતી તેમજ ધો. ૧૨માં ભૌતિક વિજ્ઞાનનું પેપર : અફવાઓથી ગેરમાર્ગે ન દોરાવવા પરીક્ષા સમિતિની અપીલ

ગાંધીનગર, તા. ૧૨

આજથી ધો. ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાનો પ્રારંભ થશે. ધો. ૧૦માં આજે ગુજરાતી તેમજ ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ભૌતિકશાસ્ત્ર વિષયની પરીક્ષા લેવાશે. જિલ્લામાંથી ૪૪૧૪૧ વિદ્યાર્થીઓ બોર્ડની કસોટીમાં બેસશે. સમગ્ર વર્ષની મહેનતના અંતે પરીક્ષાર્થીઓ માત્ર ૩ કલાકના ગાળામાં બોર્ડની આકરી કસોટી પાર કરશે. સમગ્ર જિલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા યોજાય તે માટે શિક્ષણતંત્ર દ્વારા પૂર્ણ તૈયારી કરી દેવાઈ છે. લોકસભાની ચૂંટણી આચારસંહીતાના લીધે મંત્રી કે અન્ય નેતાઓ પરીક્ષા કેન્દ્રો પર જોવા મળશે નહી. પરીક્ષાને લઈ વિદ્યાર્થીઓ તેમજ વાલીઓમાં પણ ભારે ઉત્સાહનો માહોલ છવાયો છે.

ધો. ૧૦ અને ૧૨ના મહત્વના શૈક્ષણિક વર્ષના અંતે આજથી બોર્ડ પરીક્ષાનો પ્રારંભ થશે. જિલ્લામાંથી કુલ ૪૪૧૪૧ વિદ્યાર્થીઓ બોર્ડની કસોટીમાં હાજરી આપશે. ધો. ૧૦માં ૨૭૮૨૩ અને ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૧,૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. આ ઉપરાંત ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૫૦૧૮ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. ધો. ૧૦માં સવારે ૧૦ કલાકે ગુજરાતી વિષયની પરીક્ષા લેવાશે. આ ઉપરાંત ધો. ૧૨માં બપોરે ૩ કલાકે ભૌતિકશાસ્ત્ર તેમજ સામાન્ય પ્રવાહમાં સહકાર પંચાયત વિષયની પરીક્ષા યોજાશે. જિલ્લાની ૧૫૫ શાળાઓ પર પરીક્ષાની કાર્યવાહી હાથ ધરાશે. કુલ ૯૯૦ બ્લોકમાં પરીક્ષાર્થીઓની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પરીક્ષા કેન્દ્રો પર કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે સી.સી.ટી.વી. કેમેરાથી વોચ રાખવામાં આવશે. આ ઉપરાંત શિક્ષણ બોર્ડની સ્કવોર્ડના સભ્યો પણ પરીક્ષા કેન્દ્રો પર વોચ રાખશે.



(તસવીર : દિપક જાની)

પરીક્ષા કેન્દ્રો પર સરકારી પ્રતિનિધિઓ પણ પોતાના મોબાઈલ ફોન લઈને જઈ શકશે નહી. આ ઉપરાંત જિલ્લા કલેક્ટર દ્વારા પરીક્ષા

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ૧૫ હજાર કર્મચારી પોષ્ટલ બેલેટથી મતદાન કરશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં ૧૫ હજારથી વધુ કર્મચારીઓ દ્વારા પોષ્ટલ બેલેટથી મતદાન કરશે. જો કે ચૂંટણી પંચે આ સામાન્ય ચૂંટણીમાં ઈલેક્શન ડ્યુટી સર્ટિફિકેટ ઈસ્યુ કરવાની આપેલી સૂચનાને પગલે કેટલા પોસ્ટલ બેલેટની જરૂર પડશે તેનો આંકડો ચોક્કસ થઈ શક્યો નથી.

ગાંધીનગર જિલ્લામાં ચૂંટણી વિષયક ફરજો પર ૧૦ હજાર જેટલા કર્મચારીઓ ફરજ બજાવશે. આ ઉપરાંત પોલીસ કર્મી, એસ.ટી. નિગમ તેમજ સર્વિસ વોટર્સને બધુ મળી ૧૫ હજાર જેટલા કર્મચારીઓ થશે.


જિલ્લામાં જ જે તે વિધાનસભામાં ફરજ બજાવનાર કર્મચારીને ઈડીસીને લઈ જે તે મતદાન મથક પર મતદાન કરી શકશે તેવી જોગવાઈ છે. વિધાનસભાની ચૂંટણીમાં બધા કર્મચારીઓને પોષ્ટલ બેલેટ અપાયા હતા જે ઉલ્લેખનીય છે.

ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠકો માટે આગામી તા. ૩૦મી એપ્રિલ ૨૦૧૪ના રોજ ચૂંટણી યોજાનાર છે. આ ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલા તમામ કર્મચારીઓ પોતાના પવિત્ર મતના ઉપયોગ દ્વારા જનપ્રતિનિધિ ચૂંટી શકે તે માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા પોસ્ટલ બેલેટ અથવા ઈલેકશન ડ્યુટી સર્ટિફીકેટની વ્યવસ્થા સુનિશ્ચિત કરી માર્ગદર્શિકા પ્રસિદ્ધ કરાઈ છે.

મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતી અનિતા કરવાલે પોસ્ટલ બેલેટ અને ઈલેક્શન ડ્યુટી સર્ટિફીકેટ (ઈડીસી) અંગે વધુમાં જણાવ્યું હતું કે ભારતના ચૂંટણી પંચના માર્ગદર્શન અનુસાર ગુજરાતમાં ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલા તમામ અધિકારીઓ કર્મચારીઓ તથા પોલીસ અધિકારીઓ-કર્મચારીઓ માટે પોસ્ટલ બેલેટ અથવા ઈલેક્શન ડ્યુટી સર્ટિફીકેટની વ્યવસ્થા ઉભુ કરવામાં આવી છે.

ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલા તમામ અધિકારીઓ-કર્મચારીઓ કે જેઓ મતદાન મથકમાં મતદાન કરી શકે તેમ નથી તેઓ ઈલેક્શન ડ્યુટી સર્ટિફીકેટ (ઈડીસી) અથવા પોસ્ટલ બેલેટથી પોતાનો મત આપી શકશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જે કર્મચારીઓને તેમના લોકસભાના મતવિભાગમાં ચૂંટણી ફરજ સોંપાઈ હોય તેવા કર્મચારીઓ ઈલેક્શન ડ્યુટી સર્ટિફીકેટ મેળવવા હક્કદાર બનશે. તેઓ તેમને જે મતદાન મથકમાં ચૂંટણી ફરજ સોંપાઈ હોય ત્યાં મતદાન કરી શકશે. જ્યારે પોતાના મતદાન ક્ષેત્ર સિવાયના અન્ય મતદાન ક્ષેત્રમાં ચૂંટણીની ફરજ સોંપાઈ તેવા કર્મચારીઓ પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરી શકશે.

શ્રીમતી કરવાલે વધુમાં જણાવ્યું હતું કે ઈલેક્શન ડ્યુટી સર્ટિફીકેટ અથવા પોસ્ટલ બેલેટ માટે પોલીંગ પાર્ટીના કર્મચારીઓ, સેક્ટર ઓફિસર, ઝોનલ ઓફિસર, જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરીમાં નિમાયેલા કર્મચારીઓ, કંટ્રોલ રૂમ અને ચૂંટણી સાથે સંકળાયેલ અન્ય કચેરીના કર્મચારીઓ માઈક્રો ઓબ્ઝર્વર, તમામ પોલીસ જવાનો, હોમગાર્ડ જવાનો, ચૂંટણી કામગીરી સાથે સંકળાયેલા તમામ વાહનોના ડ્રાઈવરો, કંડકટરો અને ક્લીનરો આ વ્યવસ્થાનો લાભ લઈ શકે છે.




(તસવીર : દિપક જાની)

# મતદાર નોંધણી અભિયાનમાં જિલ્લો પાંચમા ક્રમે

## મહિલાઓએ ૬૩૪૨, પુરૂષોએ ૬૬૯૦ નામ નોંધાવવા અરજી કરી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં ગત નવમીએ યોજાયેલ મતદાર જોડો અભિયાનમાં મહિલા અને પુરૂષ મતદારોએ લગભગ એક સરખી જાગૃતિ દાખવી અને તેમના નામ મતદાર યાદીમાં દાખલ થાય તે માટેની અરજીઓ આવી છે.

ગાંધીનગર જિલ્લામાં ૯મીના આ ખાસ કેમ્પમાં ૧૩,૦૩૨ મતદારોએ ફોર્મ નં. ૬ ભરી તેમના નામ દાખલ કરવા રજુઆત કરી છે. જે હાલ તંત્રની ચકાસણી હેઠળ છે. જો કે નામ દાખલ કરવાની પ્રક્રિયા ૩૦મી માર્ચ સુધી ચાલુ રહેનાર છે.

ગાંધીનગર જિલ્લામાં ૯મીએ યોજાયેલા ખાસ કેમ્પમાં ૬૬૯૦ પુરૂષ મતદારો અને ૬૩૪૨ મહિલા મતદારોએ તેમના ફોર્મ રજુ કર્યા છે. આ નવા મતદારોના નામ ડુપ્લીકેટ નથી ને તે જોવા માટે ડુપ્લીકેટ વોટર્સ નામના સોફટવેરથી પણ ચકાસવામાં આવનાર છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ નામ દાખલ કરતાં પહેલાં બી.એલ.ઓ. દ્વારા પણ મળેલ અરજીઓ પર જાતચકાસણી કરી પોતાનો અહેવાલ જે તે નોંધણી અધિકારીને આપવાનો રહેશે.

આખા રાજ્યમાં આ એક દિવસના કેમ્પમાં ૩,૩૯,૨૫૦ જેટલી અરજીઓ મળી હતી. જેમાં સૌથી વધારે અરજી અમદાવાદમાંથી ૮,૨૮૨ મળી છે. સુરતમાંથી ૪૯,૨૫૫ અરજીઓ મળી છે.

રાજ્યમાં મળેલી અરજીઓમાં ગાંધીનગર જિલ્લો પાંચમા ક્રમે આવે છે. સૌથી ઓછી અરજી ડાંગમાંથી મળી છે. આ પછી બીજા ક્રમે નર્મદા જિલ્લો આવે છે.

# ભાજપના ૨૬ ઉમેદવારોની યાદીને અંતિમ ઓપ અપાયો

## ભાજપની પ્રદેશ પાલર્મિન્ટરી બોર્ડની બેઠકમાં વ્યાપક ચર્ચા વિચારણા : પ્રદેશ પ્રમુખ સહિતના નેતા આજે દિલ્હી જશે

અમદાવાદ, તા.૧૨

ભારતીય જનતા પાર્ટીની પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની આજે લાંબી બેઠક યોજાઈ હતી જેમાં ગુજરાતની લોકસભાની તમામ ૨૬ બેઠકોના સંભવિત ઉમેદવારોની પ્રાથમિક પસંદગીને આખરી ઓપ આપવામાં આવ્યો હતો અને મોટાભાગની બેઠકો પર સરેરાશ ત્રણ-ત્રણ નામની પેનલ તૈયાર કરવામાં આવી હતી. આ યાદી લઈ ભાજપના પ્રદેશ પ્રમુખ આરસી ફળદુ, પ્રદેશ મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા વગેરે આવતીકાલે ગુરૂવારે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની સાથે જ તેમના ખાસ વિમાનમાં દિલ્હી જશે જ્યાં રાષ્ટ્રીય પાર્લામેન્ટરી બોર્ડની બેઠક સમક્ષ તમામ ૨૬ બેઠકોના સંભવિત ઉમેદવારોની યાદી રજુ કરવામાં આવશે જેમાં મોટાભાગના ઉમેવાદરોની જાહેરાત તા. ૧૫મી માર્ચના રોજ કરવામાં આવશે તેમ સુત્રોએ જણાવ્ય હતું.

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નિવાસ સ્થાને ગાંધીનગર ખાતે છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી ભાજપની પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકના આજે અંતિમ દિવસે સૌરાષ્ટ્ર તથા કચ્છની બાકી રહેલી આઠ બેઠકો

● અનુસંધાન પાન-૭ પર

# સ્ટેટ મિડિયા સર્ટીફીકેશન ટીમના અધ્યક્ષ પદે ગાંધીનગર કલેક્ટર પી. સ્વરૂપ નિમાયા

ગાંધીનગર, તા. ૧૨

રાજકીય પક્ષોના વિજ્ઞાપન માટે મિડિયા સર્ટીફિકેશન કમીટી જિલ્લા કલેક્ટર ડૉ. પી. સ્વરૂપના અધ્યક્ષપદે રાજ્ય કક્ષાની સમિતિ રચવામાં આવી છે.

આ સમિતિમાં તેમની સાથે સંયુક્ત મુખ્ય નિર્વાચન અધિકારી શ્રી લલિત પાડલિયા ઉપરાંત દૂરદર્શનના બે અધિકારીઓ સભ્ય તરીકે સેવાઓ આપશે.

મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી અનિતા કરવલે જણાવ્યું છે કે, લોકસભાની સામાન્ય ચૂંટણીઓ ૨૦૧૪ના ચૂંટણી સમયગાળા દરમિયાન ચૂંટણી લડતાં તમામ ઉમેદવારો તેમજ રાજકીય પક્ષોનાં પ્રચાર-પ્રસારની તમામ ગતિવિધીઓ ઉપર ચૂંટણી પંચ ઝીણવટપૂર્વક નજર રાખી નિરીક્ષણ કરશે. આ માટે ભારતનાં ચૂંટણી પંચના માર્ગદર્શન અનુસાર રાજ્યનાં પ્રત્યેક જિલ્લામાં માધ્યમ પ્રમાણિકરણ અને દેખરેખ

● અનુસંધાન પાન-૭ પર

જોઈએ છે
• LED TV • LCD TV
• Colour TV
જુના બંધ હાલતમાં
શૈલેષભાઈ : ૯૭૧૪૧ ૯૮૩૬૬

